ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને વર્ષ ૨૦૨૫-૨૬ માટેની રૂ.૫.૦૦ કરોડની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ચોથા હપ્તા પેટે રૂ.૧.૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-SJED/MIS/e-file/17/2022/1485/A-1 Section
સચિવાલય, ગાંધીનગર.
તા. As per -Sign

વંચાણે લીધાઃ

1. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫-03-૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/2141/A-1
2. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.0૪-0૬-૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/1485/A-1 Section
3. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯-૧૧-૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/1485/A-1 Section
4. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭-03-૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/1485/A-1 Section
5. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૬-03-૨૦૨૬નો પત્ર ક્રમાંક: DDCW/SCG/e-file/225/2025/0233/CHH-Branch-Corporation

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં શેરમૂડી ગ્રાન્ટ પેટે કુલ રૂ.૫.૦૦ કરોડની બજેટ જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના અત્રેના વિભાગના તા.0૪/0૬/૨૦૨૫ના ઠરાવ દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૧.૨૫ કરોડની શેરમૂડી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (3) પરના વિભાગના તા.૨૯/૧૧/૨૦૨૫ના ઠરાવ દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને બીજા હપ્તા પેટે રૂ.૧.૨૫ કરોડની શેરમૂડી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૪) પરના વિભાગના તા.૧૭/03/૨૦૨૬ના ઠરાવ દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ત્રીજા હપ્તા પેટે રૂ.૧.૨૫ કરોડની શેરમૂડી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૫) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૧૬/03/૨૦૨૬ના પત્રથી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૫.૦૦ કરોડની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ચોથા હપ્તા પેટે રૂ.૧.૨૫ કરોડની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.03.25 17:35:01 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને વર્ષ ૨૦૨૫-૨૬માં ફાળવવામાં આવેલ રૂ.૫.૦૦ કરોડની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ચોથા હપ્તા પેટે રૂ.૧.૨૫ કરોડ (અંકે રૂપિયા એક કરોડ પચીસ લાખ પુરા)ની શેરમૂડી ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.
2. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
3. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષનાં અંતે સરન્ડર કરવાની રહેશે.
6. નિગમે બાકી વાર્ષિક હિસાબોનાં ઓડિટની કામગીરી સત્વરે પૂર્ણ કરવાની રહેશે.
7. નિગમના અગાઉના વર્ષોના હિસાબોની પ્રૂફ સિસ્ટમમાં સત્વરે એન્ટ્રી કરાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર: ૪૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર:૮૦ સામાન્ય, ગૌણ સદર:૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર:૦૨ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને શેરમૂડી હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બજેટ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (આ

ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ)

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬